[Estd. – 2011]
(Affiliated with Gujarat University, Ahmedabad)
Dadra and Nagar Haveli Ucchha Shikshya Samiti, Silvassa (Dokmardi)-396230
Phone No: 9429427117 - Email: dnh.sihl2011@gmail.com

ACTIVITY REPORT

2. ACTIVITY NAME/TITLE: ૨. “સાહિત્ય વ્યાખ્યાન શ્રેણી- 2”. તા.૧૮ સપ્ટે. ૨૦૧૭

વક્તા:- પદ્મશ્રી પ્રવીણ દરજી : નિબંધ- નિરાવૃત્ત

ગુજરાતી સાહિત્યનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના અભ્યાસક્રમને ધ્યાનમાં લઈને અને અન્ય કોલેજના/યુનિ. કક્ષાના પ્રોફેસર દ્વારા તજજ્ઞ વક્તા અને સાહિત્ય સર્જકને બોલાવવામાં આવ્યા હતા. જેમાં તેઓએ ગુજરાતી સાહિત્યના કવિ નિબંધકારનો પ્રત્યક્ષ પરિચય થાય અને સર્જક સાથે સીધો સંવાદ થાય આત હેતુથી પદ્મશ્રી સન્માન પ્રાપ્ત કરનાર પ્રવીણભાઈ દરજી, સાહેબને બોલાવ્યા હતા. તેઓએ નિબંધ સ્વરૂપની વ્યાખ્યા-વિભાવના ઉત્પતિ અને પોતાના નિબંધસંગ્રહ ‘નિરાવૃત’ ની રસપ્રદ ચર્ચા કરી હતી.દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓના અભ્યાસક્રમનો એક અંગ છે.






આ વ્યાખ્યાનમાં ગુજરાતી અને અંગ્રેજી વિભાગના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો, સાથે અધ્યાપકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રોફ. ડૉ. નિતા ભગત : “કાવ્યનું પ્રયોજન”

ડૉ.નીતા ભગતે સાહિત્યમાં “કાવ્ય પ્રયોજન” વિષય અંતર્ગત વ્યાખ્યાન આપ્યું હતું. ગુજરાતી સાહિત્યના સિદ્ધાંતોની આ

અતિ મહત્વનો સિધ્ધાંત છે. જે તૃતીય વર્ષના ગુજરાતી વિષયના વિદ્યાર્થીઓનું એક પેપર છે. અને અંગ્રેજી વિદ્યાર્થીઓ માટે પણ મહત્વનો મુદો છે. સાહિત્યના તમામ વિદ્યાર્થીઓએ માટે આ સિધ્ધાંત જાણવો-સમજાવો અને સાહિત્યમાં તેની ઉપસ્થિતિ શા માટે છે. આ તમામ પાસાને ધ્યાનમાં લઈને ગુજરાતી વિભાગ, ફેકલ્ટી ઓફ આર્ટ્સ, એમ.એસ.યુનિ.બરોડાના ગુજરતી વિભાગના પૂર્વ અધ્યક્ષને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓ સરળ પણે સમજાય એ રીતે સાહિત્યિક ઉત્તમ કળાકૃતિના ઉદાહરણ સાથે આ સિધ્ધાંતને સમજાવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં સાહિત્યનો અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ અને અધ્યાપકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ કોલેજની બિલ્ડિંગની લાયબ્રેરીના ઉપરના ફ્લોર પર કરવામાં આવ્યો હતો.






કાર્યકારી આચાર્ય અને વિભાગના સિનિયર અધ્યાપક તરીકે કાર્યક્રમ કોર્ડિનેટરની જવાબદારી બજાવી હતી. ગુજરાતી વિભાગના અધ્યાપકોનું યોગદાન અને લાયબ્રેરીયન તેમજ કૉલેજ કાર્યાલયનો પૂર્ણ સહયોગ રહ્યો હતો.

. Date:. 18/9/2017, 2.Duration: 01 3. No. of participants- 78

Name of organizing committee/Faculty/Department: ગુજરાતી વિભાગ,

Name of organizing team: ડૉ. રાજેન્દ્રકુમાર રોહિત. સહયોગ. વિભાગીય અધ્યાપક.

Sign of Coordinator/ Convener: ડૉ. રાજેન્દ્રકુમાર રોહિત.